APPENDIX II

****

TESTS FOR MEASUREMENT OF ADJUSTMENT, PERSONALITY AND INTEREST

(Gujarati Version)

CONFIDENTIAL

For Research Purposes Only

ADOLESCENT ADJUSTMENT TESTS BATTERY

Department of Psychology
Faculty of Education and Psychology
The M.S. University of Baroda
BARODA.

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

સામાન્ય સૂચના

૧. આ ચોપાનિયાની અંદર દશ વિભાગોમાં તમને સ્પર્શતા કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

૨. દરેક વિભાગમાં આપેલા પ્રશ્નોના જવાબો કેવી રીતે આપવાના છે તે તે વિભાગની શરૂઆતમાં ઉદાહરણ આપીને સમજાવેલું છે.

૩. આ ચોપાનિયામાં આપેલા બધા જ પ્રશ્નો તમારા પોતાના વિષે જ છે; અને તેના જવાબો માણુસે માણુસે જુદા હોય છે. એટલે એના કોઈ ખરા કે ખોટા જવાબો નથી.

૪. આ ચોપાનિયામાં પૂછેલા દરેક પ્રશ્ન વિષે તમારો પોતાનો શો જવાબ છે તે નિખાલસતાથી આપશો તો તમે તમારી જાતને વધુ સારી રીતે સમજી શકશો. તમારા પ્રામાણિક જવાબો તમને અને તમારા જેવાં અન્ય ભાઈબહેનોને તેમના પ્રશ્નો સમજીને તેમને મદદરૂપ થવામાં ઉપયોગી થઈ પડશે.

૫. તમારા બધા જ જવાબો ખાનગી રાખવામાં આવશે, માટે કોઈપણ જાતના સંકોચ વગર જવાબો આપશો.

૬. આમાં આપેલા બધા જ પ્રશ્નોના જવાબો તમને અલગ આપવામાં આવેલા ઉત્તરપત્રમાં લખશો. આ પુસ્તકમાં તમારે કાંઈપણ લખવાનું નથી.

૭. દરેક વિભાગને મથાળે આપેલી સૂચના બરાબર ધ્યાનપૂર્વક વાંચો, અને પછી જવાબ આપવાની શરૂઆત કરો. એક પાનું પૂરું કરો એટલે બીજા પાના પર જાઓ. અને એક એક વિભાગ પૂરો કરો એટલે બીજો વિભાગ શરૂ કરો. સમય મર્યાદા રાખવામાં આવી નથી, પરંતુ ઝડપથી ઉત્તરો લખશો.

૮. તમને કહેવામાં ન આવે ત્યાં સુધી શરૂ કરશો નહિ.

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

વિભાગ ૧

સૂચના :

તમારા લાગણી જીવન વિષે કેટલાક પ્રશ્નો નીચે આપેલા છે, તે જુઓ. સાથે ઉત્તરપત્રમાં વિભાગ ૧ જુઓ; તેમાં દરેક પ્રશ્નના ક્રમની સામે **હા, ?,** અને **ના** ની નીચે ચોરસ ખાના છે, તે ધ્યાનથી જુઓ. આ ચોરસ ખાનામાં જ તમારે તમારો જવાબ નીચે પ્રમાણે દર્શાવવાનો છે.

દરેક પ્રશ્ન વાંચો, અને તમારો જવાબ **હા** કે **ના** માં આવે છે તે નક્કી કરો. ત્યાર પછી તમારા નક્કી કરેલા જવાબને ઉત્તરપત્રમાં **હા,** કે **ના** ની નીચે આપેલા ચોરસ ખાનામાં ચોકડી કરીને દર્શાવો. જો **હા** કે **ના** માં જવાબ આપવાનું તમે નક્કી ન જ કરી શકો એમ હો તો **?** ની નીચેના ચોરસ ખાનામાં ચોકડી કરો. પરંતુ આ જવાબનો કવચિત જ ઉપયોગ કરશો. કોઈ એક પ્રશ્ન પાછળ વધુ સમય બગાડશો નહિ, અને ઝડપથી તમારા જવાબો તમને અલગ આપવામાં આવેલા ઉત્તરપત્રમાં લખો.

નીચે આપેલા પ્રશ્નોમાં પહેલો પ્રશ્ન ઉદાહરણ તરીકેનો છે અને એનો જવાબ ઉત્તરપત્રમાં કેવી રીતે આપેલો છે, તે જુઓ. એ જ પ્રમાણે બધા જ પ્રશ્નોના જવાબો આપવાનો પ્રયત્ન કરો.

ઉદાહરણ : તમે અંધારાથી બહુ ડરો છો ?

૧. સફળતા મેળવવાની તમારી શક્તિ વિષે તમે ખૂબ ચિંતા કરો છો ?

૨. તમે બીજાઓ સમક્ષ હલકા દેખાયા હોય તો તેનું દુઃખ લાંબા સમય સુધી તમારા મનમાં ઘોળાયા કરે છે ?

૩. કોઈ મંડળી સમક્ષ બોલતી વખતે તમે સંકોચ અનુભવો છો ?

૪. બીજાઓ સાથે સ્પર્ધામાં ઊતરતી વખતે ક્યારેક તમે આત્મવિશ્વાસ ખોઈ બેસો છો ?

૫. દૃઢ નિશ્ચયવાળા લોકોના સમૂહમાં તમે તમારી જાતને જેમ બને તેમ પાછળ રાખવા પ્રયત્ન કરો છો ?

૬. જ્યારે તમારે ઘણા માણસોને મળવાનો પ્રસંગ આવે છે ત્યારે તમે ખૂબ નરમ થઈ જાવ છો ?

૭. તમારી શક્તિઓની કસોટી થતાં તમે સંકોચ અનુભવો છો ?

૮. કોઈપણ પરિસ્થિતિમાં ટીકા અને મશ્કરી સહન ન કરી શકવાને કારણે તમે ઘણીવાર તે પરિસ્થિતિને ટાળો છો ?

૯. ઘણીવાર હતાશ થઈ જવાથી તમે તમારા કાર્યમાં નિષ્ફળ જતા હોય એવું તમને લાગે છે ?

૧૦. તમે બીજાઓ કરતાં હલકા છો એમ તમારા કેટલાક ઓળખીતા માનતા હોય એવું તમને લાગે છે ?

૧૧. તમે અમુક કાર્ય કરી શકો તેમ છો તો તે બતાવવા ખાતર જ તમે કેટલાંક કાર્ય અવારનવાર કરો છો ?

૧૨. સરળ કાર્યો કરતાં અઘરાં કાર્યો તમને વધારે ગમે છે ?

૧૩. કેટલીક વખત તમને એમ લાગે છે કે તમારા ઉપર કોઈ હુમલો કરશે ?

૧૪. કોઈ વખત અકસ્માતથી તમને ઈજા થશે એવો ડર તમને લાગે છે ?

૧૫. રાત્રે જ્યારે તમે ઘરમાં એકલા હો ત્યારે તમે ભયભીત બની જાવ છો ?

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

૧૬. રાત્રે તમને દીવાના પ્રકાશમાં જ ઊંઘ આવે છે ?

૧૭. યોગ્ય શબ્દ માટે ફાંફાં માર્યા સિવાય તમારે જે કહેવાનું હોય તે તમે કહી શકો છો ?

૧૮. તમે જે કોઈ યોજના નક્કી કરો તેને જ તમે વળગી રહો છો ?

૧૯. તમને અસંગત વિચારો નિવારવાનું અને એક સળંગ વિચારધારાને વળગી રહેવાનું ઘણું જ મુશ્કેલ લાગે છે ?

૨૦. તમારી સ્નેહની લાગણીઓ વિષે કંઈક અંશે તમે છુપુંછુપું રહો છો ?

૨૧. ઘણી વખત બિલકુલ વિચાર કર્યા સિવાય જ તમે કોઈપણ પ્રવૃત્તિમાં કે ચળવળમાં કામ કરો છો ?

૨૨. દરેક વ્યક્તિ સંકટમાંથી બચવા માટે જૂઠું બોલે છે એવું તમે માનો છો ?

૨૩. તમારી ટીકા થાય અથવા તમને ઠપકો મળે તો તેનું દુઃખ તમને થાય છે ?

૨૪. તમને તમારી જે બાબત બીજાઓને કહેવી ગમતી નથી તેનાં ઘણીવાર સ્વપ્નાં તમને આવે છે ?

૨૫. કેટલીક વખત તમારી જાત તમને ચોક્કસપણે નિરુપયોગી લાગે છે ?

૨૬. લગભગ બધો જ વખત એક યા બીજી વસ્તુની તમને ચિંતા રહ્યા કરે છે ?

૨૭. અમુક વસ્તુઓ અને અમુક લોકો તમને નુકશાન કરી શકે તેમ નથી તે જાણવા છતાંય તમને તેમનો ડર લાગ્યા કરે છે ?

૨૮. તમને કેટલીક વખત માંદગી પ્રસંગે ડોકટરનો ભય લાગે છે ?

૨૯. લોકોના સંસર્ગમાં હોવા છતાં પણ હંમેશાં તમને એકલાપણું લાગે છે ?

૩૦. બીજાઓ જે સુખ માને છે તેમની બિલકુલ તમને અદેખાઈ આવતી નથી ?

૩૧. તમે કરેલાં કાર્યો યોગ્ય ન હોય તો તેને માટે તમે હંમેશાં દિલગીરી વ્યક્ત કરો છો ?

૩૨. તમે અભાગી હોય એવું તમને ઘણીવાર લાગે છે ?

૩૩. તમારા વિચારો બીજા લોકો જાણી જાય છે તેની તમને ચિંતા થાય છે ?

૩૪. તમે તમારી અંગત લાગણીઓને હંમેશાં બીજાઓ આગળ રજૂ કરો છો ?

૩૫. તમારી શક્તિઓની કસોટી થવાના પ્રસંગે તમે હંમેશાં તમારો બચાવ કરો છો ?

૩૬. તમને વીજળી, ઊંચી જગાઓ, પાણી અને અગ્નિ જેવી કેટલીક વસ્તુઓનો ભય લાગે છે ?

૩૭. તમારા અભિપ્રાયો રજૂ કરતી વખતે તમે અસ્થિર અને વિસંગત થાવ છો ?

૩૮. તમે બહુ શરમાવ છો ?

૩૯. તમે નજીવી બાબતો માટે શોક કરો છો ?

૪૦. તમે તમારી જાતને અસરકારક રીતે રજૂ કરતાં સંકોચ અનુભવો છો ?

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

વિભાગ ૨

સૂચના :

આ વિભાગમાં તમારા સામાજિક જીવન અંગે કેટલાક પ્રશ્નો આપેલા છે. આ પ્રશ્નોના જવાબો તમારે ઉત્તરપત્રમાં વિભાગ ૨ માં આપવાના છે. જવાબ આપવાની રીતે વિભાગ ૧ માફક જ છે.

ઉત્તરપત્રમાં વિભાગ ૨ શોધો, અને નીચેના પ્રશ્નોના જવાબો આપવાનું શરૂ કરો.

પહેલો પ્રશ્ન ઉદાહરણ તરીકેનો છે. એનો જવાબ ઉત્તરપત્રમાં આપેલો છે તે જુઓ. એ જ પ્રમાણે બધા જ પ્રશ્નોના જવાબો આપો.

ઉદાહરણ : તમને ઉત્સવ, મેળાવડામાં ભાગ લેવાનું મન થાય છે ?

૧. તમે સંવાદ, ગરબા, ઉત્સવ મેળાવડા વગેરે સામાજિક પ્રસંગોમાં ભાગ લો છો ?

૨. સિનેમા, નાટક જેવા આનંદપ્રમોદના પ્રસંગોમાં જતાં તમને સંકોચ થાય છે ?

૩. કોઈ સમારંભમાં તમે બીજાઓથી જુદી જ જાતનાં કપડાં પહેરીને ગયા હો ત્યારે સૌની સાથે ભળતાં તમને સંકોચ થાય છે ?

૪. તમારા મહોલ્લામાં એક વ્યક્તિ એવી છે કે તે હંમેશાં અભ્યાસની જ બાબતોમાં રસ લે છે અને બીજી કોઈ પ્રવૃત્તિમાં ભાગ લેતી નથી તેમ જ કોઈની સાથે લાંબી મિત્રાચારી બાંધતી નથી. આવી વ્યક્તિ તમને ગમશે ?

૫. તમારા નવરાશના સમયમાં તમે કોઈ સામાજિક પ્રવૃત્તિ કરો છો ?

૬. તમારી આસપાસ બેઠેલા લોકોની વાતચીતમાં તમે છૂટથી ભાગ લો છો ?

૭. તમારાં કપડાં બહુ ભભકાદાર ન હોવાને કારણે તમે કોઈ સમારંભમાં જવાનું માંડી વાળો છો ?

૮. સમૂહમાંથી ચાલ્યા જવાની રજા લેવામાં તમને મૂંઝવણ થાય છે ?

૯. તમારી જમવાની જુદી રીતભાતને લીધે તમે સમૂહભોજનમાં જતાં સંકોચાઓ છો ?

૧૦. તમારી વિરુદ્ધ જાતિના સભ્યો (છોકરો કે છોકરી) સાથે તમે સહેલાઈથી મિત્રાચારીનો સંબંધ બાંધી શકો છો ?

૧૧. સમૂહચર્ચા વખતે કોઈના મંતવ્યની યોગ્ય ટીકા કરવામાં તમને કંઈ મુશ્કેલી પડે છે ?

૧૨. મહોલ્લાનાં કે શાળાનાં છોકરા–છોકરીઓ સાથે કોઈ સ્થળે પર્યટનમાં ગયા હો ત્યારે અંદરોઅંદર રમત રમવામાં તમને મૂંઝવણ થાય છે ખરી ?

૧૩. મ્યુનિસિપાલિટીના દીવાઓ કે જાહેર સંસ્થાઓના કાચ તોડવા જેવા પ્રસંગોમાં તમે તમારા મિત્રો કરતાં વધુ હિંમતવાળા છો એમ તમારા મિત્રો કબૂલ કરે છે ?

૧૪. નાટક, સંવાદ, ચર્ચાસભા વગેરેમાં સામાજિક ટીકાના ભયે ભાગ લેતાં તમે સંકોચ અનુભવો છો ?

૧૫. તમે ચર્ચાસભામાં ભાગ લેવા માટે તૈયારી કરી ન હોય અને છતાંયે તમને બોલવાનું કહેવામાં આવે તો તમને મૂંઝવણ થશે ?

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

૧૬. તમારી વયના વિરુદ્ધ જાતિના મિત્રો સાથે વાત કરતા હો ત્યારે કોઈ જોઈ જશે એવી ભીતિ તમને રહ્યા કરે છે ?

૧૭. તમે તમારી સાથે ભણતા અગર ઓળખીતા મિત્ર સાથે શહેરની નવાજુની અંગે ચર્ચા કરો છો ?

૧૮. તમારી ઇચ્છાઓ સંતોષવા તમારે કોઈ વાર અપ્રામાણિકપણે વર્તવું પડે છે ?

૧૯. સમૂહમાં બોલતાં રખેને તમે ખોટું બોલશો એવી મૂંઝવણ તમને થાય છે ?

૨૦. કોઈ ઓળખીતો માણસ સામેથી આવતો હોય તો તેને ન મળવા માટે તમે રસ્તાની એક બાજુએથી બીજી બાજુએ ચાલ્યા જાઓ છો ?

૨૧. માણસોના સમૂહ આગળ કોઈ બાબતનો મૌખિક અહેવાલ આપવામાં તમને મુશ્કેલી પડે છે ?

૨૨. કોઈ માણસ સાથે કોઈએ તમને તાજી જ ઓળખાણ કરાવી હોય તો તેવા માણસ સાથે વાત શરૂ કરતાં તમને મુશ્કેલી પડે છે ?

૨૩. પર્યટન જેવા પ્રસંગોમાં તમારો નાસ્તો સાદો હોય તો તે બીજા મિત્રોને આપતાં તમને સંકોચ થાય છે ?

૨૪. તમારી મૂંઝવણો તમે તમારા મિત્રો પાસે સહેલાઈથી રજૂ કરી શકો છો ?

૨૫. તમારી વિરુદ્ધ જાતિના મિત્ર સાથે જાહેર સમારંભમાં સહેલાઈથી જઈ શકો છો ?

૨૬. કોઈ મેળાવડામાં કે મિજલસમાં હાજર રહેલા અગત્યના માણસો સાથે વાત કરવા તમે પ્રયત્ન કરો છો ?

૨૭. તમારા કેટલાક મિત્રો એવા લુચ્ચા છે કે તેમની સાથે તમારે અપ્રામાણિક થવું પડે ?

૨૮. તમારા બે મિત્રો વચ્ચે અંદર અંદર ઝઘડો થયો હોય ત્યારે તમે તે ઝઘડો જોઈ નહિ રહેતાં તેમની વચ્ચે સમાધાન કરી આપો છો ?

૨૯. તમારા મિત્રની બહેનના લગ્ન પ્રસંગે તમને જમવા માટે આમંત્રણ આપેલું હોય ત્યારે તમે પીરસવા અથવા બીજા કામોમાં લાગી જાઓ છો ?

૩૦. હારી જશો એ બીકે તમે હરીફાઈમાંથી ખસી જાઓ છો ?

૩૧. કોઈપણ શારીરિક ખોડને કારણે તમને માણસોના સમૂહમાં આગળ પડતો ભાગ લેવામાં મૂંઝવણ થયા કરે છે ?

૩૨. કોઈ નીરસ સમારંભને રસમય બનાવવામાં તમે આગળ પડતો ભાગ લો છો ?

૩૩. તમારા મહોલ્લાનાં છોકરા કે છોકરીઓ તમને પોતાની સાથે ફરવા કે અભ્યાસ કરવા માટે બોલાવે છે ?

૩૪. તમારા મિત્રો સાથેની ચર્ચામાં તમે દલીલો કરવામાં હારી જાઓ તો ફરી કોઈ વખત આવી દલીલોમાં ભાગ નહિ લેવાનું નક્કી કરો છો ?

૩૫. તમારા શિક્ષક યા ઉપરીને કંઈ કામ અંગે પૂછપરછ કરતાં તમને સંકોચ થાય છે ?

૩૬. તમારા શરમાળપણાને લીધે બીજા સાથે ભળવામાં તમને મુશ્કેલી પડે છે ?

૩૭. મહેમાન તરીકે કોઈ જગ્યાએ જમવા ગયા હો ત્યારે તમારી પાસે કોઈ વસ્તુ ન આવી હોય તો તે વસ્તુની માગણી ન કરતાં એ વસ્તુ સિવાય તમે ચલાવી લેશો ?

૩૮. સામાન્ય રીતે તમારા મિત્ર સાથે તમારે વારંવાર ઝઘડા થાય છે ?

૩૯. કોઈ જાહેર સભામાં સૌ સભ્યો પોતાને સ્થાને બેસી ગયા હોય ત્યારે તે સભામાં દાખલ થતાં તમને મૂંઝવણ થાય છે ?

૪૦. તમને હંમેશાં એવી લાગણી થાય છે કે તમારા મિત્રો તમારા વિષે કંઈક ખાનગી વાતો કરે છે ?

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

વિભાગ ૩

સૂચના :

આ વિભાગમાં તમારા કુટુમ્બજીવન અંગે કેટલાક પ્રશ્નો આપેલા છે. આ પ્રશ્નોના જવાબો તમારે ઉત્તરપત્રમાં, વિભાગ ૩ માં આગળની રીત પ્રમાણે જ આપવાના છે.

ઉત્તરપત્રમાં વિભાગ ૩ જુઓ, અને નીચેના પ્રશ્નોના જવાબો આપવાનું શરૂ કરો.

પહેલો પ્રશ્ન ઉદાહરણ તરીકેનો છે. એનો જવાબ ઉત્તરપત્રમાં આપેલો છે, તે જુઓ. એ જ પ્રમાણે બધા જ પ્રશ્નોના જવાબો આપો.

ઉદાહરણ : તમારાં માબાપ તમને હંમેશાં ધમકાવે છે ?

૧. અભ્યાસ અંગેના તમારા વિચારો સાથે તમારાં માબાપ સંમત થાય છે ?

૨. તમારાં માબાપ જુના વિચારના હોવાથી તમારે તેમની સાથે વારંવાર મતભેદ થાય છે ?

૩. સિનેમા, નાટક જેવા આનંદપ્રમોદના પ્રસંગોમાં જવા માટેની તમારી માગણીનો તમારાં માબાપ સ્વીકાર કરે છે ?

૪. તમારાં માબાપ કેટલીક બાબતોમાં તમારાં ભાઈ, બહેન કે બીજા મિત્રોના દાખલા આપી તમને વારંવાર ટોકે છે ?

૫. તમારા કોઈ નિર્ણયમાં તમારી માતા સંમતિ આપે જ્યારે તમારા પિતા તે અંગે સંમતિ ન આપતા હોય એવું બને છે ?

૬. તમારાં મા અથવા બાપ તમને બરાબર સમજી શકતાં ના હોય એવું તમને વારંવાર લાગ્યા કરે છે ?

૭. તમારાં મા અથવા બાપ તમારા ઉપર વધારે પડતું વર્ચસ્વ રાખતા હોય એવું તમને હંમેશાં લાગ્યા કરે છે ?

૮. તમારી દશથી પંદર વર્ષની ઉંમરમાં તમારા માબાપે તમને શારીરિક શિક્ષા કરી હોય એવો ખ્યાલ તમને આવે છે ?

૯. તમારાં માબાપના અમુક પ્રકારના વર્તનથી તમે કેટલીકવાર નિરાશ થાવ છો ?

૧૦. તમારા પોતાના દેખાવ અંગે ટીકા કરીને તમારા માબાપ તમને વારંવાર ટોકે છે ?

૧૧. તમારાં મા અથવા બાપ હંમેશાં મૂંઝાયેલાં અથવા મંદ સ્વભાવનાં તમને જણાય છે ?

૧૨. તમારાં ભાઈબહેનને જોઈતી વસ્તુ મળતી હોય જ્યારે તમને તમારી જોઈતી વસ્તુ ન મળતી હોય એવું બને છે ?

૧૩. તમારે ઘેર રેડિયો, વાજિંત્ર કે બીજાં સંગીતનાં સાધન હોય તો તે સાધનોને તમે તમારા મનગમતા સમયે વગાડી શકો છો ?

૧૪. તમારા ઘરમાં તમને પૂરતી સ્વતંત્રતા મળતી હોય એવું તમને લાગે છે ?

૧૫. તમારા કુટુંબમાં કોઈ વિચાર અંગે વારંવાર એક બીજા સાથે ઉગ્ર મતભેદ પડે છે ?

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

૧૬. તમારાં માબાપે તમને સિનેમા કે નાટક જોવા જવાની રજા આપી હોય ત્યારે તમારા દાદા કે દાદી તેમની સાથે સંમત થાય છે ?

૧૭. તમારું ગૃહજીવન તમારા બીજા મિત્રો કરતાં વધારે સુખી અને સંતોષી હોય એવું તમને લાગે છે ?

૧૮. તમારા ઘરનું સંતોષકારક વાતાવરણ નહીં હોવાથી તમને કેટલીકવાર ઘેરથી ચાલ્યા જવાનું મન થાય છે ?

૧૯. તમારાં ભાઈબહેન તમારા પ્રત્યે ઈર્ષાભાવથી જોતા હોય તેવો શક તમને આવે છે ?

૨૦. તમારાં માબાપને તમારે માટે નિરાશા થતી હોય એવું તમને લાગે છે ?

૨૧. તમારા કુટુંબ કે સગામાં કોઈના મૃત્યુથી તમારું કૌટુમ્બિક જીવન દુઃખી બન્યું છે ?

૨૨. તમારા ઘરમાં પૈસાના અભાવે તમે દુઃખી રહો છો ?

૨૩. તમારા કુટુંબ કે નજીકનાં સગાંઓ વચ્ચે વારંવાર ઝગડો થાય છે ?

૨૪. તમારાં માતા અથવા પિતાની વર્તણુંકથી કોઈક વખત તમને સખત બીક લાગે છે ?

૨૫. તમારા પોતાના કામ બાબત તમને તમારાં માતાપિતા સાથે મતભેદ પડે છે ?

૨૬. તમને તમારી જરૂર પૂરતા વાપરવાના પૈસા મળી રહે છે ?

૨૭. ધર્મ અંગેની બાબતમાં તમારા ઘરનાં મોટાં માણસો સાથે તમે લઢી પડો છો ?

૨૮. તમને એમ લાગે છે કે તમારા ઘરમાં તમારા કાર્યોમાં બહુ દખલ થાય છે ?

૨૯. તમને તમારાં માબાપની શરમ લાગ્યા કરે છે ?

૩૦. ઘરમાં તમારી માતા અને પિતા વચ્ચે વારંવાર ઝગડો (ખટપટ) થાય છે ?

૩૧. તમારાં ભાઈબહેન સાથેનો ઝગડો તમે ટાળો છો ?

૩૨. તમે તમારી પસંદગીનું કાપડ ખરીદી શકો છો ?

૩૩. તમે તમારાં માબાપને તમારા અનુભવો સહેલાઈથી કહો છો ?

૩૪. તમે તમારી મુશ્કેલીઓને તમારી જાતે ઉકેલી શકો છો ?

૩૫. તમારા કુંટુબમાં તમે અભાગી હો એવું તમને લાગે છે ?

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

વિભાગ ૪

સૂચના :

આ વિભાગમાં તમારા વ્યક્તિત્વ અંગે કેટલાક સામાન્ય પ્રશ્નો આપેલા છે. આ પ્રશ્નોના જવાબો તમારે ઉત્તરપત્રમાં વિભાગ ૪માં આગળની રીત પ્રમાણે જ આપવાના છે.

ઉત્તરપત્રમાં વિભાગ ૪ જુઓ, અને નીચેના પ્રશ્નોના જવાબો આપવાનું શરૂ કરો.

પહેલો પ્રશ્ન ઉદાહરણ તરીકેનો છે. એનો જવાબ ઉત્તરપત્રમાં આપેલો છે, તે જુઓ. એ જ પ્રમાણે બધા જ પ્રશ્નોના જવાબો આપો.

ઉદાહરણ : કોઈ અજાણ્યા માણસ સાથે તમે સહેલાઈથી વાતચીત કરી શકો છો ?

૧. સામાન્ય રીતે તમે કોઈ સમસ્યા ઉપર બીજાઓ સાથે ચર્ચા કરવા કરતાં પોતાની મેળે જ અભ્યાસ કરીને બરાબર સમજી શકો છો ?

૨. તમે તમારા વિષેની ટીકા, લાગણી દુભાયા વગર સહન કરી શકો છો ?

૩. તમારાથી ઉમ્મરમાં નાના સાથે હળવું મળવું તમને વધારે ગમે છે ?

૪. અજાણ્યે સ્થળે રસ્તો શોધી કાઢવાનું તમને ગમતું નથી ?

૫. તમારા કરતાં બીજાઓનો અભિપ્રાય જુદો પડે ત્યારે તમે તરત હતાશ થઈ જાઓ છો ?

૬. નિર્ણયો લેતી વખતે તમે વધુ સમય લો છો ?

૭. તમારી રસવૃત્તિઓ ઝડપથી બદલાયા કરે છે ?

૮. થોડા વર્ષ એકાંતમાં ગાળવા પડે તો તમે તે કામ ના પસંદ કરશો ? દા. ત. જંગલખાતાની નોકરી.

૯. અપમાનજનક અનુભવો ઉપર તમે લાંબા વખત સુધી ચિંતા કર્યા કરો છો ?

૧૦. વ્યાસપીઠ પર તમને બીક લાગે છે ?

૧૧. મિત્રો કરતાં પુસ્તકોમાં તમને વધારે રસ છે ?

૧૨. સાધારણ રીતે તમે દલીલોથી દૂર રહેવાની કોશિષ કરો છો ?

૧૩. તમને તમારો કાર્યક્રમ બીજાની સાથે મળ્યા વગર પોતાની મેળે જ નક્કી કરવો ગમે છે ?

૧૪. જાહેરમાં બોલવાનું તમને મુશ્કેલ લાગે છે ?

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

૧૫. સાંજનો વખત એકાંતમાં ગાળવો તમને ગમે છે ?

૧૬. કોઈ ખાસ નકામો વિચાર મનમાં સતત આવીને તમને બેચેન બનાવે છે ?

૧૭. મહત્ત્વનો હેતુ સાધવા માટે સામાન્ય રીતે તમે બીજાઓની લાગણી નકારો છો ?

૧૮. રમત અથવા હરિફાઈમાં તમારા કરતાં ઘણી ઊંચી કક્ષાના હરીફ સાથે તમે સારી રીતે રમી શકો છો ?

૧૯. સિદ્ધિ કરતાં પ્રશંસા તમને વધારે સંતોષ આપે છે ?

૨૦. સલાહ આપવાથી તમે સામાન્ય રીતે દૂર રહો છો ?

૨૧. મહત્ત્વનો નિર્ણય લેતા પહેલાં બીજાઓનો અભિપ્રાય મેળવવાનું તમે પસંદ કરો છો ?

૨૨. પોતાની બાબતમાં નિર્ણય લેવામાં શું તમને મુશ્કેલી પડે છે ?

૨૩. ગમગીન વાતાવરણને આનંદિત બનાવવા તમે આગેવાની લો છો ?

૨૪. બીજાઓ સાથે મળી કામ કરવું સામાન્ય રીતે તમે વધારે પસંદ કરો છો ?

૨૫. અજાણ્યા સાથે વાતચીત શરૂ કરતાં તમને મુશ્કેલ લાગે છે ?

૨૬. સંભવિત દુર્ઘટનાઓ માટે તમે ચિંતા કરો છો ?

૨૭. કોઈના પ્રોત્સાહન વગર તમે કંટાળાજનક કામને લાંબા વખત સુધી વળગી રહી શકો છો ?

૨૮. રાહદારીઓ તમને જુએ છે, એ વિચારથી તમે મુંઝાઓ છો ?

૨૯. ઘણીવાર તમને એકાન્ત વેઠવું પડે છે ?

૩૦. સામાજિક ઉત્સવોમાં તમે પાછળ રહો છો ?

વિભાગ પ

સૂચના :

નીચે કેટલાક પ્રશ્નો તમારી વ્યક્તિગત પસંદગી અને રસ વિષેના છે. દરેક પ્રશ્નની સાથે બે જવાબ **ક** અને **ખ** મૂકેલા છે, તે સાથે ઉત્તરપત્રમાં વિભાગ પ ને તપાસો. આ બંને જવાબોને તમારે તમારી પસંદગીના ક્રમમાં દર્શાવવાના છે. જવાબ આપવાની રીત નીચે પ્રમાણે છે.

નીચેના પ્રશ્નોમાં પહેલો પ્રશ્ન ઉદાહરણનો છે. પ્રશ્ન આ છે:

કયું કાપડ ટકાઉમાં વધુ સારું છે? **ક.** ગરમ. **ખ.** સુતરાઉ.

હવે, આમા સુતરાઉ કાપડ વધુ ટકાઉ હોય એમ તમને લાગે તો તેના ગુણ ઉત્તરપત્રમાં **ખ** નીચેના ચોરસખાનામાં ૨ મૂકો, અને બીજી પસંદગીના જવાબમા તેનો ગુણ ૧ મૂકો. ઉત્તરપત્રમાં વિભાગ પમાં પહેલા પ્રશ્નનો ઉપર પ્રમાણેનો જવાબ કેવી રીતે દર્શાવ્યો છે તે બરાબર જુઓ, અને ધ્યાનપૂર્વક બાકીના બધા જ પ્રશ્નોના જવાબો એ રીતે આપો.

ઉદાહરણ : કયું કાપડ ટકાઉમા વધુ સારું છે? **ક.** ગરમ. **ખ.** સુતરાઉ.

૧. કોઇ પ્રદર્શનમાં કયા સ્ટોલ પર તમને જવાનું ખાસ ગમશે? ક. વૈજ્ઞાનિક કે રાસાયણિક સાધનો કે પદાર્થોના સ્ટોલ પર. ખ. નવીન ઉત્પાદન કરેલ માલના સ્ટોલ પર.

૨. નીચેના બે વિભાગો પૈકી કયા વિભાગના પુરુષોનાં જીવન ચરિત્રો અને કાર્યો વાંચવાં તમને વધુ ગમશે? ક. તત્ત્વજ્ઞાનીઓના. ખ. રાજદ્વારી પુરુષોનાં.

૩. સામાજિક સંબંધોના વિકાસ કરતાં માનવજાતે, ઔદ્યોગિક વિકાસમાં વધુ સારી પ્રગતિ કરે છે. ક. હા. ખ. ના.

૪. કેવા પ્રકારનાં ચલચિત્રો જોવાં તમને વધુ ગમશે? ક. મધુર સંગીત ધરાવતાં ચલચિત્રો. ખ. સામાજિક ચલચિત્રો.

૫. આપણી સરકાર, કાયદાનું કડક રીતે પાલન કરવા કરતાં લોકલાગણી પ્રત્યે વધુ લક્ષ આપે છે. ક. હા. ખ. ના.

૬. આપણા દેશને હાલ વધુ નાણાં મેળવવા કરતાં સારા વૈજ્ઞાનિકો તૈયાર કરવાની વધુ જરૂર છે. ક. હા. ખ. ના.

૭. નીચેનામાંથી કઈ બાબત દેશની પ્રગતિ માટે વધુ જરૂરી છે? ક. નવીન શસ્ત્રોની શોધખોળ. ખ. કુશળ નેતાઓની.

૮. તમે નીચેનામાંથી કઈ બાબત અંગે પ્રગતિ કરશો? ક. ઉત્પાદન વધારવામાં. ખ. સામાજિક પ્રગતિ સાધવામાં.

૯. તમારા શહેર કે ગામમાં એક સમયે નીચેના બે પ્રસંગો જુદા જુદા સ્થળોએ યોજવામાં આવ્યા હોય તો તમે કયા પ્રસંગમાં જવાનું વધુ પસંદ કરશો? ક. સંગીતના જલસામાં. ખ. સામાજિક મેળાવડામાં.

૧૦. તમે કોઈ ઔદ્યોગિક સંસ્થામાં જોડાએલા હો અને નીચેના બંને હોદ્દાનું પગાર ધોરણ સરખું હોય તો તમે કયો હોદ્દો પસંદ કરશો? ક. સંસ્થાના કર્મચારીઓના સલાહકારનો હોદ્દો. ખ. વહીવટી હોદ્દો.

૧૧. કોઈ જગાએ અથવા વેઈટીંગ રુમમાં તમારે વખત પસાર કરવાનો હોય અને ત્યાં ફક્ત એક જ માસિક વાંચવા માટે પડેલું હોય તો તે માસિકમાંથી, તમે નીચેનામાંથી કયા વિષયને લગતો લેખ વાંચવો પસંદ કરશો? ક. વિજ્ઞાનને લગતો. ખ. કલા અને શણગારને લગતો.

૧૨. નીચેનામાંથી કયા શાસ્ત્રનો અભ્યાસ વિદ્યાર્થીઓને વધુ ઉપયોગી છે? ક. ખગોળશાસ્ત્ર. ખ. મુદ્રણશાસ્ત્ર.

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

૧૩. મજૂરવર્ગને ધારો કે તમારે તમારા પક્ષમાં લેવા હોય તો નીચેની કઈ બાબતથી તેમ કરી શકશો ? ક. આર્થિક મદદ કરીને. ખ. જોરદાર ભાષણોથી.

૧૪. લગ્ન સમારંભમાં તમે કઈ બાબતથી વધુ આકર્ષાઓ છો ? ક. મંડપના સુશોભનથી. ખ. પ્રતિષ્ઠિત ગણાતી વ્યક્તિઓના સમાગમથી.

૧૫. તમને નીચેના બે કાર્યોમાંથી કયું કાર્ય કરવું વધુ ગમશે ? ક. સમાજની ઉન્નતિ કરવાનું. ખ. ધર્મની ઉન્નતિ કરવાનું.

૧૬. નીચેના બે વિષયોમાંથી કોઈ એક વિષય અંગે તમને તમારો મત દર્શાવવાનું કહે તો તમે કયા વિષય અંગે તમારો મત વધુ સારી રીતે દર્શાવી શકશો ? ક. ગણિતશાસ્ત્ર. ખ. સંગીત.

૧૭. ધર્મશાસ્ત્ર કરતાં રસાયણશાસ્ત્રના અભ્યાસથી આપણે વધુ પ્રગતિ કરી શક્યા છીએ ? ક. હા. ખ. ના.

૧૮. નીચેની કઈ બાબતથી કુટુંબ વધુ પ્રગતિ કરી શકશે ? ક. યોગ્ય આર્થિક (નાણાંકીય) સાધનથી. ખ. કુટુંબના વડીલની સત્તાથી.

૧૯. તમારા મહોલ્લામાં નીચેનામાંથી કયું કાર્ય કરવું તમને વધુ ગમશે ? ક. સંગીત મંડળી સ્થાપવાનું. ખ. વક્તૃત્વસભા રચવાનું.

૨૦. નીચેની બે સંસ્થાઓમાંથી કઈ સંસ્થા માનવજાતને ઊંચે લાવવા માટે ઉપયોગી છે ? ક. સામાજિક સંસ્થા. ખ. ધાર્મિક સંસ્થા.

૨૧. તમારી શાળામાં તમારા નવરાશના સમયમાં તમે કેવી રીતે વખતનો સદુપયોગ કરશો ? ક. વધુ જ્ઞાન માટે પુસ્તકો વાંચીને. ખ. શાળામાં બને તેટલા નવીન સંબંધો કેળવીને.

૨૨. નીચેનાં સ્થળોમાંથી, તમને કયા સ્થળે જવું ગમશે ? ક. ભાકરા નાંગલ બંધ પર. ખ. આબુ.

૨૩. દૈનિક વર્તમાનપત્રમાંથી નીચેની બે વિગતો એક સરખા મથાળાથી રજૂ થયેલી તમે જુઓ તો તમે કઈ બાબતને વધુ ધ્યાનપૂર્વક વાંચશો ? ક. ઉત્પાદન અંગે લેવાયેલાં તાત્કાલિક પગલાં. ખ. ધર્મગુરુઓનું થયેલું ભવ્ય સ્વાગત.

૨૪. તમારી પાસે જરૂરિયાત કરતાં વધારાના પૈસા હોય તો તે તમે નીચેનામાંથી શેમાં વાપરશો ? ક. રંગબેરંગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં. ખ. મંદિર કે દેવાલયમાં દાન કરવામાં.

૨૫. બાળકને કેળવવા માટે કયા પ્રકારના શિક્ષણને વધુ ઉપયોગી ગણો છો ? ક. લશ્કરી તાલીમ. ખ. ધાર્મિક શિક્ષણ.

૨૬. શાળામાં ભણતી વખતે તમે સામાન્ય રીતે શિક્ષકની કઈ બાબતથી વધુ આકર્ષાઓ છો ? ક. શિક્ષકના ઊંડા જ્ઞાનથી. ખ. શિક્ષકના વિદ્યાર્થીઓ પ્રત્યેના પ્રેમભાવથી.

૨૭. સામાન્ય રીતે વર્તમાન પત્રમાં કેવા પ્રકારના સમાચાર વાંચવા તમને વધુ ગમશે ? ક. શેરબજારનો વિભાગ. ખ. ચિત્ર અને પ્રદર્શન વિભાગ.

૨૮. નીચેનાં બે પુસ્તકોમાંથી કયુ પુસ્તક વાંચવું તમને વધુ ગમશે ? ક. ઉદ્યોગોના વિકાસનું રહસ્ય. ખ. ગીતા.

૨૯. નીચેનામાંથી કયાં સ્થળો તમને વધુ ઉપયોગી નીવડશે ? ક. હવા ખાવાનાં સ્થળો. ખ. ધાર્મિક સ્થળો.

૩૦. કોઈ સંસ્થામાં નીચેના વિષયો અંગે ભાષણ હોય તો તમને કયા વિષય અંગેનું ભાષણ સાંભળવું વધુ ગમશે ? ક. રાષ્ટ્રીય ચૂંટણી પ્રથા અંગે. ખ. મંદિરોના મુખ્ય સિદ્ધાન્તો અંગે.

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

વિભાગ ૬

સૂચના :

નીચે કેટલાક પ્રશ્નો તમારી વ્યક્તિગત પસંદગી અને રસ વિષેના છે. દરેક પ્રશ્નની સાથે ચાર જવાબ **ક, ખ, ગ,** અને **ઘ** મૂકેલા છે. આ ચારેય જવાબોને તમારે તમારી પસંદગીના ક્રમમાં દર્શાવવાના છે. જવાબ આપવાની રીત નીચે પ્રમાણે છે.

નીચેના પ્રશ્નોમાં પહેલો પ્રશ્ન ઉદાહરણનો છે. પ્રશ્ન આ છેઃ

તમારા મંતવ્ય પ્રમાણે નીચેની જાણીતી વ્યક્તિઓનું દેશમાં સ્થાન કેવું છે? **ક.** જગદીશચંદ્ર બોઝ. **ખ.** જમશેદજી તાતા. **ગ.** રવિશંકર મહારાજ. **ઘ.** સરદાર વલ્લભભાઈ પટેલ.

હવે, આમાં તમારા અભિપ્રાય પ્રમાણે જે વ્યક્તિનું દેશમાં પ્રથમ સ્થાન હોય તેના ગુણ ૪ મૂકો, પછી બીજું સ્થાન હોય તેના ગુણ ૩ મૂકો, ત્રીજું સ્થાન હોય તેના ગુણ ૨ મૂકો, અને છેલ્લું ચોથું સ્થાન હોય તેનો ગુણ ૧ મૂકો. આમાં **ક.** જગદીશચંદ્ર બોઝનું પ્રથમ સ્થાન, **ખ.** જમશેદજી તાતાનું બીજું સ્થાન, **ઘ.** સરદાર વલ્લભભાઈ પટેલનું ત્રીજું સ્થાન અને **ગ.** રવિશંકર મહારાજનું ચોથું સ્થાન હોય એમ તમને લાગે તો તેના ગુણ અનુક્રમે **ક**ના **૪**, **ખ**ના **૩**, **ગ**ના **૧** અને **ઘ**ના **૨** ગુણ આવે. ઉત્તરપત્રમાં વિભાગ ૬માં ઉદાહરણનો આ જવાબ કેવી રીતે દર્શાવ્યો છે તે ધ્યાનથી જુઓ. અને એ જ રીતે બધા પ્રશ્નોના જવાબો ઉત્તરપત્રમાં દર્શાવો.

ઉદાહરણ : તમારા મંતવ્ય પ્રમાણે નીચેની જાણીતી વ્યક્તિઓનું દેશમાં સ્થાન કેવું છે? ક. જગદીશચંદ્ર બોઝ. ખ. જમશેદજી તાતા. ગ. રવિશંકર મહારાજ. ઘ. સરદાર વલ્લભભાઈ પટેલ.

૧. તમારી લાંબી રજાઓમાં કયું કાર્ય કરવું તમને વધુ ગમશે? (ક) વિજ્ઞાન અંગે લેખ લખીને છપાવવાનું. (ખ) કોઇ નવીન વેપારનો અનુભવ લેવાનું. (ગ) દેશના કોઇ એકાંત ભાગમાં રહીને કુદરતી સૌંદર્યનું રસપાન કરવાનું. (ઘ) દેશના વિદ્યાર્થીઓમાં એકતા કેળવવાની ઝુંબેશ ઊઠાવવાનું.

૨. તમે નીચેનામાંથી કોના કાર્યને વધુ મહત્ત્વનું ગણો છો? (ક) દેશમાં પ્રથમ વૈજ્ઞાનિક શોધ કરનાર–જગદીશચંદ્ર બોઝ. (ખ) દેશમાં ઉદ્યોગો સ્થાપનાર–જમશેદજી તાતા. (ગ) માનવ સેવા કરનાર–રવિશંકર મહારાજ. (ઘ) બહાદુર વિરાંગના–ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ.

૩. તમે જ્યારે ચલચિત્રો જોવા જાઓ છો ત્યારે તમને મુખ્યત્વે શેમાંથી વધુ આનંદ મળે છે? (ક) ખાસ દૃષ્ટિબિંદુથી રજૂઆત કરતા પ્રસંગો. (ખ) નૃત્ય પ્રસંગો. (ગ) માનવીના દુઃખમય ને પ્રેમમય જીવનનો ચિતાર આપતા પ્રસંગો. (ઘ) મહાપુરુષોનાં જીવન પ્રસંગો.

૪. તમને કેવા પ્રકારનાં ચલચિત્રો જોવા વધુ ગમશે? (ક) વૈજ્ઞાનિક માહિતી આપતાં. (ખ) સામાજિક. (ગ) સાહસિક (શૂરાતન ભરેલાં). (ઘ) ધાર્મિક.

૫. તમે કેવા પ્રકારની વ્યક્તિને મિત્ર તરીકે પસંદ કરશો? (ક) જે ઉદ્યમી, કાર્યક્ષમ અને વ્યવહારકુશળ હોય. (ખ) જે કલા અને માનવ પ્રત્યે લાગણી ધરાવતો હોય. (ગ) જેનામાં નેતાગીરીના ગુણો અને તે માટેની વ્યવહારકુશળતા હોય. (ઘ) જે પોતાનું સમગ્ર જીવન ગંભીરપણે નિહાળતો હોય.

૬. તમને શું થવું ગમશે? (ક) વૈજ્ઞાનિક. (ખ) ઉદ્યોગપતિ. (ગ) કલાકાર. (ઘ) દેશનેતા.

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

૭. તમે કોઈ શહેરમાં રહેતા હો અને તમારી જરૂરિયાતો કરતાં વધુ આવક હોય તો તમારી વધારાની આવકનો તમે શેમાં ઉપયોગ કરશો ? (ક) તમારા શહેરમાં વૈજ્ઞાનિક સંશોધનના વિકાસ માટે આપવામાં. (ખ) વ્યાપાર અને ઉદ્યોગોના વિકાસમાં મદદ કરવામાં. (ગ) કૌટુંબિક કલ્યાણ કેન્દ્ર કે સંસ્થાને આપવામાં. (ઘ) તમારી સ્થાનિક ધાર્મિક સંસ્થાઓની પ્રવૃત્તિઓને વેગ આપવામાં.

૮. તમારા મિત્રો સાથેની ચર્ચામાં તમે કેવા પ્રકારની વાતચીત કે ચર્ચામાં રસ લેશો ? (ક) વિજ્ઞાનની પ્રગતિ અંગે. (ખ) સંગીત અંગે. (ગ) સમાજવાદ અને સુધારણા અંગે. (ઘ) ધાર્મિક સિદ્ધાંતો અંગે.

૯. જો તમારી પાસે પૂરતો નવરાશનો સમય અને પૈસો હોય તો તમે શું કરશો ? (ક) પોતાનો વેપાર જમાવવામાં. (ખ) સુંદર ચિત્રો અને કોતરકામની વસ્તુઓનો સંગ્રહ કરવામાં. (ગ) મંદ બુદ્ધિવાળાઓની સારવાર અને તેમને માટે તાલીમ કેન્દ્ર ખોલવામાં. (ઘ) રાજ્યસભામાં કે પ્રધાનમંડળમાં સભ્યપદ મેળવવામાં.

૧૦. આપણો દેશ નીચેની કઈ બાબતથી વધુ પ્રગતિ કરી શકશે ? (ક) વધુ નાના મોટા ઉદ્યોગો ખીલવવાથી. (ખ) દેશના પ્રત્યેક માનવીને સમાન ગણવાથી. (ગ) વધુ નીડર લશ્કર ભેગું કરવાથી. (ઘ) મનુષ્યનાં ધાર્મિક અને નૈતિક ધોરણના ઉચ્ચ વિકાસથી.

૧૧. કેવા પ્રકારના શિક્ષણમાં તમે વધુ રસ ધરાવો છો ? (ક) વૈજ્ઞાનિક શિક્ષણમાં. (ખ) ઔદ્યોગિક શિક્ષણમાં. (ગ) સંગીત કે કલાના શિક્ષણમાં. (ઘ) ધાર્મિક કે નૈતિક શિક્ષણમાં.

૧૨. ધારો કે તમારામાં યોગ્ય પ્રમાણમાં આવડત અને શકિત હોય અને નીચેના પ્રત્યેક ધંધાનું પગાર ધોરણ સરખું હોય તો તમે શું થવું પસંદ કરશો ? (ક) ગણિતશાસ્ત્રી. (ખ) સેલ્સ મેનેજર (વિમા દલાલ). (ગ) રાજદ્વારી પુરુષ. (ઘ) ધાર્મિક ક્રિયા કરાવનાર પુરોહિત કે પાદરી.

૧૩. ધારો કે તમે રેલ્વેમાં મુસાફરી કરતા હો અને તમારી સામી જગા પર નીચેની ચાર વ્યક્તિઓ બેઠેલી હોય તો તમે કોની સાથે વાત કરવા પ્રેરાશો ? (ક) ગણિતશાસ્ત્રના શિક્ષક. (ખ) ચિત્રકામના શિક્ષક. (ગ) રાજકીય નેતા. (ઘ) ધાર્મિક કથાકાર અથવા ઉપદેશક.

૧૪. તમારી વફાદારી કે ભાવના શેના પ્રત્યે હોવી જોઇએ ? (ક) પોતાની ધંધાકીય સંસ્થા અને સમાગમ. (ખ) સૌંદર્યના આદર્શો. (ગ) દાનના આદર્શો. (ઘ) ધર્મમાં વિશ્વાસ.

૧૫. તમારા શહેર કે ગામમાં કોઈ નાટક ભજવાતું હોય અને તમે તે જોવા ગયા હો તો તમે કઈ દૃષ્ટિથી તે નાટકને જોવા પ્રેરાશો ? (ક) કલાકારોના સુંદર અભિનયથી. (ખ) માનવજાત પ્રત્યે બતાવવામાં આવેલ હમદર્દીથી. (ગ) મુખ્ય નાયકની બોલવાની જોરદાર છટાથી. (ઘ) ધર્મભાવનાની સુંદર રજૂઆતથી.

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

વિભાગ ૭

સૂચના :

અત્રે કેટલાંક કથનો, વલણો, અને માન્યતા અંગેનાં છે, તે જુઓ. સાથે ઉત્તરપત્રમાં વિભાગ ૬ જુઓ; તેમાં દરેક પ્રશ્નના ક્રમની સામે **હા** અને **ના** ની નીચે ચોરસ ખાનાં મૂકેલાં છે, તે બરાબર જુઓ. આ ચોરસ ખાનાંમાં જ તમારે તમારો જવાબ દર્શાવવાનો છે.

દરેક કથન વાંચો, અને તમે તેની સાથે સંમત થતા હો તો **હા** નીચેના ચોરસ ખાનામાં ચોકડી કરો. અને જો તમે કથન સાથે અસંમત થતા હો તો **ના** નીચેના ચોરસ ખાનામાં ચોકડી કરો.

નીચે આપેલા કથનોમાં પહેલું કથન ઉદાહરણ છે. તેનો જવાબ ઉત્તરપત્રમાં વિભાગ ૭ માં કેવી રીતે આપેલો છે, તે જુઓ. એ જ પ્રમાણે બધા જ પ્રશ્નોના જવાબો ઉત્તરપત્રમાં આપો.

ઉદાહરણ : દારૂબંધી ફાયદાકારક છે.

૧. મંદિરો સમાજમાં બોજા રૂપ છે.

૨. જ્ઞાતિપ્રથા સમાજને આવશ્યક છે.

૩. મૂડીવાદનો નાશ કરવો જોઈએ.

૪. મૃત્યુદંડની ધાકથી ગુનાઓ થતા અટકે છે.

૫. જ્ઞાતિપ્રથાના ઘણા ફાયદા છે.

૬. માબાપની આજ્ઞાનું પાલન કોઈપણ જાતની દલીલ કર્યા સિવાય જ કરવું જોઈએ.

૭. ખૂનીઓને કોઈ પણ જાતનો કેસ ચલાવ્યા સિવાય જ ફાંસીએ લટકાવી દેવા જોઈએ.

૮. સ્ત્રીઓને મતાધિકાર ન હોવો જોઈએ.

૯. આપણાં દેવાલયો દંભીઓથી ભરપૂર છે.

૧૦. જ્ઞાતિપ્રથાએ આપણા ઘણા ઉચ્ચ સંસ્કારોને જાળવી રાખ્યા છે, નહિ તો તેનો નાશ થયો હોત.

૧૧. બાળકોની રમતગમત, કેળવણી અને લગ્ન જેવી બાબતોમાં નિર્ણય માબાપે જ કરવો જોઈએ.

૧૨. મૂડીવાદીઓ પ્રજાને શોષે છે.

૧૩. જ્ઞાતિપ્રથાએ સમાજમાં વિસંગતતા ઊભી કરી છે.

૧૪. બાળકોએ કેવાં ચલચિત્રો જોવાં જોઈએ તે તેમના માબાપોએ જ નક્કી કરવું જોઈએ.

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

૧૫. આપણાં મંદિરો મનને શાંતિ આપનારી સંસ્થાઓ છે.

૧૬. જ્ઞાતિપ્રથા આપણા દેશની એકતા અને સમાજના સંગઠનના માર્ગમાં હંમેશાં આડખીલીરૂપે રહી છે.

૧૭. જીવનસાથીની પસંદગીનો પ્રશ્ન મુખ્યત્વે પરણનારની મુનસફીનો છે

૧૮. માંસાહારી ખોરાક લેવો તે આપણા ધર્મની વિરુદ્ધ છે.

૧૯. જ્ઞાતિપ્રથા નાબૂદ થવી જોઈએ.

૨૦. વડીલોએ પોતાના છોકરા–છોકરીઓના જીવનસાથીની પસંદગીની બાબતમાં માથું મારવાનું બંધ કરી દેવું જોઈએ.

૨૧. અમેરિકનો પોતાની મૂડીવાદી સમાજરચનાને લીધે જ આર્થિક રીતે સદ્ધર થયા છે.

૨૨. આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન મળવું જોઈએ.

૨૩. જ્ઞાતિપ્રથા આપણા સમાજને ખરેખર કલંકરૂપ છે.

૨૪. મોટા ઉદ્યોગો ઉપર ખાનગી વ્યક્તિઓના અંકુશને બદલે ધીમે ધીમે રાષ્ટ્રીય અંકુશ મુકાવો જોઈએ.

૨૫. કેવળ પોતાની મૂડીવાદી રાજનીતિને લીધે જ ભારત પ્રગતિ કરે છે.

આ પાન પર કોઈ જાતનો લીટો યા અક્ષર પાડશો નહિ.

વિભાગ ૮

સૂચના :

તમારી વર્તણૂક અને લાગણી અંગે નીચે કેટલાક પ્રશ્નો આપેલા છે, તે જુઓ. સાથે ઉત્તરપત્રમાં વિભાગ ૮ જુઓ. જવાબ આપવાની રીત આગળ મુજબ જ છે.

પ્રશ્ન વાંચો, અને તમારો જવાબ નક્કી કરો. અને એ જવાબ ઉત્તરપત્રમાં વિભાગ ૮ માં આપો. બધા જ પ્રશ્નોના જવાબો આપવાનો પ્રયત્ન કરો.

શરૂ કરો.

---

૧. કોઈ કામમાં તમારે ઝડપી પગલું ભરવાનું હોય ત્યારે તમે સૌથી વધુ આનંદ માણો છો ?

૨. કોઈ પણ જાતના બાહ્ય કારણ વિના તમે કોઈ વાર સુખી તો કોઈ વાર ઉદાસ લાગો છો ?

૩. તમે જ્યારે એકાગ્ર થવા પ્રયત્ન કરતા હોય ત્યારે તમારું ચિત્ત ઘણીવાર બહાર ભટકે છે ?

૪. નવા મિત્રો બનાવવામાં, સામાન્ય રીતે, શરૂઆત તમે કરો છો ?

૫. તમારાં કાર્યોમાં તમે ઝડપી અને ચોક્કસ બનવા પ્રયત્ન કરો છો ?

૬. તમારે વાતચીતમાં ભાગ લેવાનો હોય છતાં ય તમે ઘણીવાર વિચારમાં ખોવાઈ જાઓ છો ?

૭. તમે કેટલીકવાર જુસ્સામાં અને કેટલીક વાર શિથીલ થઈ જાઓ છો ?

૮. તમે તમારી જાતને જીવંત વ્યક્તિ તરીકે આંકી શકશો ?

૯. સંખ્યાબંધ સામાજિક સંબંધો બાંધતાં તમને અટકાવવામાં આવે તો તમે બહુ દુ:ખી થશો ?

૧૦. તમને ઉદાસીન બની જવાની ટેવ છે ?

૧૧. કોઈ દેખીતું કારણ હોય કે ન હોય, તો પણ તમારું મન વારંવાર ઊંચું રહ્યા કરે છે ?

૧૨. કામ કરવા કરતાં કામની યોજના કરવી તમને વધુ પસંદ છે ?